નવી સેવા ૨૦૧૯-૨૦ હેઠળ ૪ શહેરો તથા ૩૮ જીલ્લાઓ ખાતે (SASGUJ) Project અંતર્ગત ઊભી કરેલ જગ્યાઓની ચાલુ રાખવા બાબત

ગુજરાત સરકાર,

ગૃહ વિભાગ,

સચિવલાય, ગાંધીનગર

ઠરાવ ક્રમાંક:મહક/૧૦૨૦૧૯/૨૨૧૬/સ

HD/MHK/e-file/8/2022/7207/C

તા. /૦૫/૨૦૨૪

વંચાણે લીધા:-

(૧) ગૃહ વિભાગનો તા.૧૬/૦૯/૨૦૧૯ નો સરખા ક્રમાંકનો ઠરાવ

(૨) ગૃહ વિભાગનો તા.૨૧/૦૩/૨૦૨૩ નો સરખા ક્રમાંકનો ઠરાવ

(૩) પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રીનો તા.૨૭/૦૨/૨૦૨૪ નો પત્ર ક્રમાંક: ઈ/૧૫૩૬/હ.જ/કન્ટી/૨૦૨૪-૨૫/૪૧૭/૨૦૨૪

ઠરાવ:-

ગૃહ વિભાગ, ગુજરાત સરકાર દ્વારા Safe And Secure Gujarat (SASGUJ) Project અંતર્ગત રાજ્યના કુલ-૩૮ જીલ્લા મુખ્યમથકો અને ૭-યાત્રાધામો ખાતે CCTV Camera આધારિત Surveillance & Integrated Traffic Management Systemની સ્થાપના કરવા વંચાણે લીધેલ ક્રમાંક(૧)ના ઠરાવથી નીચે દર્શાવ્યા મુજબની વિવિધ સંવર્ગની કુલ-૨૬૬ જગ્યાઓ ઊભી કરવામાં આવેલ.

૨. વંચાણે લીધેલ ક્રમાંક(૨) ના ઠરાવથી ઉક્ત જગ્યાઓ પૈકીની ૨૪૧ જગ્યાઓને તા.૩૧/૦૧/૨૦૨૩ સુધી ચાલુ એમ ૧૧ માસ માટે ચાલુ રાખવાની મંજૂરી આપવામાં આવેલ છે.

| અ.નં. | હોદો | જગ્યાની સંખ્યા | પગાર રૂ. |
|---|---|---|---|
| ૧ | સિનિયર એન્જીનીયર (આઇ.ટી.) | ૩૮ | ૩૫,૦૦૦/- ફીક્સ |
| ૨ | જુનિયર એન્જીનીયર (આઇ.ટી.) | ૨૨૮ | ૨૫,૦૦૦/- ફીક્સ |
| | કુલ | ૨૬૬ | |

૩. ઉક્ત જગ્યાઓ તા.૦૧/૦૩/૨૦૨૪ થી તા.૩૧/૦૧/૨૦૨૫ સુધી ચાલુ રાખવાની મંજૂરી આપવા વંચાણે લીધેલ ક્રમાંક (૩) સામે દર્શાવેલ પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી દ્વારા તા.૨૭/૦૨/૨૦૨૪ ના પત્રથી સરકારશ્રીમાં દરખાસ્ત કરવામાં આવેલ છે.

૪. કાળજીપૂર્વકની વિચારણાને અંતે ઉપરની વિવિધ સંવર્ગની કુલ-૨૬૬ જગ્યાઓ પૈકી ઉક્ત દરખાસ્ત મુજબની સિનિયર એન્જીનીયર (આઇ.ટી.)ની ૩૦ તથા જુનિયર એન્જીનીયર (આઇ.ટી.)ની ૭૧ જગ્યાઓને ભરાયેલ જગ્યા તરીકે ૧૧ માસ માટે તા.૦૧/૦૩/૨૦૨૪ થી તા.૩૧/૦૧/૨૦૨૫ સુધી આઉટસોર્સથી ચાલુ રાખવાની મંજૂરી નીચેની શરતોને આધિન આપવામાં આવે છે.

શરતો:-

(૧) આ જગ્યાઓ જે હેતુ માટે ઉભી કરેલ છે તે હેતુ માટે જ ચાલુ રાખવાની રહેશે.

(૨) ખાલી જગ્યાઓ અંગે નાણા વિભાગની વખતો વખતની સુચનાઓનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

(૩) આ હંગામી જગ્યાની મુદત પુરી થાય તેના ૩ માસ પહેલા તેને ચાલુ રાખવાની દરખાસ્ત મોકલવાની રહેશે.

(૪) આગામી વર્ષની દરખાસ્ત સાથે ખાલી જગ્યાની સંપુર્ણ વિગતો કઇ તારીખથી જગ્યા ખાલી છે સાથેની વિગતો રજુ કરવાની રહેશે.

(૫) આઉટસોર્સથી ભરવાની જગ્યાઓ માટે સામાન્ય વહીવટ વિભાગ અને નાણા વિભાગના અદ્યત્તન નિર્દેશોનું પાલન કરવાનું રહેશે.

(૬) સિનીયર એન્જીનીયર(આઈ.ટી.)ની ૩૦ જગ્યાઓ પર માસિક રૂ. ૩૫૦૦૦/- અને જુનીયર એન્જીનીયર(આઈ.ટી.)ની ૭૧ જગ્યાઓ પર માસિક રૂ.

Signature valid
Signed by:HETALKUMAR B PATEL
Section Officer
Date: 2024.05.23 17:34:28

૨૫,૦૦૦/- લેખે પગાર ચૂકવવાનો રહેશે.

૫. આ અંગેનો ખર્ચ નાણાકીય વર્ષ૨૦૨૪-૨૫ ના અંદાજપત્રમાં કરવામાં આવેલ જોગવાઇ મુજબ "માંગણી નંબર-૪૩- મુખ્ય સદર : ૨૦૫૫:પોલીસ, પેટા મુખ્ય સદર : ૦૦ ગૌણ સદર : ૧૦૯ – જિલ્લા પોલીસ, પેટા સદર : ૦૧- MEP-6 જિલ્લા પોલીસ ખુદ", હેઠળ ઉધારવાનો રહેશે.

૬. આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર (ઈ.ચા.)સચિવશ્રી(નાણા)ની તા.૦૧/૦૪/૨૦૨૪ ની નોંધથી મળેલ મંજુરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(હેતલ પટેલ)

સેકશન અધિકારી

ગૃહ વિભાગ

પ્રતિ,

- પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર
- અધિક પોલીસ મહાનિદેશકશ્રી(સી.આઇ.ડી ક્રાઇમ અને રેલ્વેઝ), ગુજરાત રાજ્ય, ગાંધીનગર
- પોલીસ મહાનિરીક્ષકશ્રી(વહીવટ), ગુજરાત રાજ્ય, ગાંધીનગર
- અધિક પોલીસ મહાનિદેશકશ્રી, (તાલીમ), ગુજરાત રાજ્ય, ગાંધીનગર
- પોલીસ કમિશ્નરશ્રી, અમદાવાદ શહેર, સુરત શહેર, વડોદરા શહેર, રાજકોટ શહેર
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત રાજય, રાજકોટ/અમદાવાદ
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર/અમદાવાદ
- નાણાં સલાહકારશ્રી(ગૃહ), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સેકશન અધિકારીશ્રી, ઝ-૧ શાખા, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સેકશન અધિકારીશ્રી, અ / આઇ.ટી શાખા, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- શાખા સીલેક્ટ ફાઇલ
- નાયબ સેકશન અધિકારી સીલેક્ટ ફાઇલ

Signature valid
Signed by:HETALKUMAR B PATEL
Section Officer
Date: 2024.05.23 17:34:28